# સિદસરના ઉમિયા ધામમાં ઘૂસી ગયું વેણુ નદીનું પાણી

## જામજોધપુર અને લાલપુરમાં ભારે વરસાદને પગલે લોકો ભારે હાલાકીમાં મૂકાઈ ગયા છે, રસ્તાઓ નદીઓ બની ગયા છે

સિદસર, તા.૨૦

સૌરાષ્ટ્રમાં બારે મેઘ ખાંગા થયા છે. જામનગર જિલ્લાના જામજોધપુર અને લાલપુર જિલ્લામાં વરસાદે કહેર વરસાવ્યો છે. ત્યારે જામનગર જિલ્લાના સિદસરમાં વેણુ નદીએ રૌદ્ર રૂપ ધારણ કર્યુ છે. નદીના પાણી સિદસરના ઉમિયા ધામમાં ઘૂસી જતા ખોફનાક સ્થિતિ સર્જાઈ હતી. એટલું જ નહીં, નદી પર આવેલો રાજાશાહી વખતનો પુલ પણ તૂટીને નદીના વહેણમાં તણાઈ ગયો. દરમિયાનમાં હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્રમાં હજુ ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. જામનગરમાં જામજોધપુરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. જ્યારે લાલપુરમાં પણ વરસાદને માઝા મૂકી છે. લાલપુરમાં તો ઘણી જગ્યાએ વાહનો તણાયા હોવાના અહેવાલો મળી રહ્યા છે. જામજોધપુરના સિદસરમાં આવેલા ઉમિયા માતાજીના મંદિરના પરિસરમાં વેણુ નદીનું પાણી ફરી વળ્યું છે. લાલપુરમાં પણ ઢાંઢર નદીના પાણી ઘૂસી ગયા છે. જેને પગલે એસટી ડેપો પાણીમાં ગરકાવ થઈ ગયો છે. સૂત્રાપાડામાં તો મેઘરાજા કહેર બનીને વરસ્યા છે. આ ઉપરાંત પ્રાચીમાં પણ ભારે વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. પ્રાચીમાં આવેલી સરસ્વતી નદી રૌદ્ર બની ગઈ છે. સતત પડી રહેલા વરસાદને પગલે સુત્રાપાડામાં સ્થિતિ ભયનજક બની ગઈ છે. ઘણા ગામો બેટમાં ફેરવાઈ ગયા છે. નદીઓમાં આવેલા ઘોડાપૂરના કારણે ગીર સોમનાથ જિલ્લાના સૂત્રાપાડા અને વેરાવળ સહિતના ગામોમાં પાણી ભરાઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગ દ્વારા આગામી ૭ દિવસ દમરિયાન રાજ્યમાં સાર્વત્રિક વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

### લક્ઝરી બસોના પ્રતિબંધને લઈ મહત્વનો નિર્ણય

# રિંગરોડ પર લક્ઝરી બસોને બપોરે ૨ થી ૫ વાગ્યા દરમિયાન પ્રવેશ માટે છુટ

## અગાઉ બહાર પડેલા જાહેરનામામાં સવારે ૮ થી રાત્રે ૯ સુધી લક્ઝરી બસોને પ્રવેશ પર પ્રતિબંધ મુકાયો હતો

રાજકોટ, તા.૨૦

રાજકોટમાં ૧૫૦ ફૂટ રિંગરોડ પર પોલીસ કમિશનરના જાહેરનામામાં ફેરફાર કરાયો છે. લક્ઝરી બસોને બપોરે ૨ થી ૫ વાગ્યા દરમિયાન ૧૫૦ ફૂટ રિંગરોડ પર પ્રવેશ માટે છુટ આપવામાં આવી છે. અગાઉ બહાર પડેલા જાહેરનામામાં સવારે ૮ થી રાત્રે ૯ સુધી લક્ઝરી બસોને પ્રવેશ પર પ્રતિબંધ મુકાયો હતો. આ ઉપરાંત સ્કૂલ, કોલેજની બસોને ૨૪ કલાક મુક્તિ આપવામાં આવી છે. ઈન્ડસ્ટ્રીયલ બસ અને લક્ઝરી બસોને બપોરે ૨ થી સાંજના ૫ વાગ્યા સુધી મુક્તિ આપવામાં આવી છે. રાજકોટના આ ૧૫૦ ફૂટ રિંગરોડ પર લક્ઝરી બસોને પ્રતિબંધ લગાવવામાં આવતા ટ્રાવેલ્સ એસોસિએશન દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આ બાબતે ધારાસભ્ય રૈં સહિતના લોકોને રજૂઆત કરાઈ હતી. જોકે આ બાદ વિરોધ અને રજૂઆતને પગલે સીપી દ્વારા જાહેરનામા અંતર્ગત છૂટછાટ આપવામાં આવી છે. જેથી હવે લક્ઝરી બસોને બપોરે ૨ થી ૫ વાગ્યા દરમિયાન ૧૫૦ ફૂટ રિંગરોડ પર પ્રવેશ માટે છુટ આપવામાં આવી છે.

### ઈસ્કોન બ્રિજ અકસ્માત મામલે મુખ્યમંત્રી દ્વારા બેઠક બોલાવી

# એક જ સપ્તાહમાં ચાર્જશીટ રજૂ થશે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચાલશે:હર્ષ સંઘવી

## અકસ્માતનાં ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની સહાય અને સારવારનો સંપૂર્ણ ખર્ચ પણ આપવાનો નિર્ણય

અમદાવાદ, તા.૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં બુધવારે મોડી રાત્રે ઈસ્કોન બ્રિજ પર થયેલી વાહન અકસ્માતની ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈને તે અંગે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. મુખ્યમંત્રીએ આ દુર્ઘટનામાં બે પોલીસકર્મીઓ સહિત જે નવ વ્યક્તિઓના અકાળે મૃત્ય થયા છે તેમના પરિવારજનો પ્રત્યે સાંત્વના અને દિલસોજી પાઠવવા સાથે પ્રત્યેક મૃતકોને ૪ લાખની સહાય જાહેર કરેલી છે. એટલું જ નહીં, આ અકસ્માતનાં ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની સહાય અને સારવારનો સંપૂર્ણ ખર્ચ પણ આપવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિઓના પરિવારો અને સોલા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઈજાગ્રસ્તોની સહાય માટે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલને સોલા સિવિલ હોસ્પિટલ પહોંચવા તત્કાલ સૂચનાઓ આપી હતી. તે મુજબ તેઓ ત્યાં પહોંચ્યા હતા અને સારવાર સહિતની વ્યવસ્થાઓમાં મદદરૂપ થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ગૃહ રાજ્ય મંત્રી અને ઉચ્ચ અધિકારીઓએ સમગ્ર ઘટના ક્રમની અને પોલીસ તંત્ર દ્વારા આ ઘટના બાદ લેવાયેલા પગલાઓથી માહિતગાર કર્યા હતા. આ દુર્ઘટનામાં સંડોવાયેલા કસૂરવારો સામે તાત્કાલિક કાયદેસરની કડક કાર્યવાહી, અટકાયત અને સંપૂર્ણ નિષ્પક્ષ તપાસના આદેશો આ ઉચ્ચસ્તરીય બેઠકમાં આપ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહાનગરોમાંથી પસાર થતાં હાઈ-વે સહિત રાજ્યભરમાં હાઈ-વે પર વાહનોની સ્પીડ વગેરેની દેખરેખ માટે સી.સી.ટી.વી કેમેરા નેટવર્ક અને મહાનગરોનાં હાઈ-વે પર લાઈટ-પોલ અંગે પોલીસ, માર્ગ-મકાન, શહેરી વિકાસ વિભાગ અને સ્થાનિક સત્તાતંત્ર વચ્ચે સંકલન સાધીને વધુ સુદ્રઢ બનાવવા મુખ્ય સચિવશ્રીને સુચનાઓ આપી હતી. આ બેઠકની ચર્ચામાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, મહાનગરોમાં વાહનોનાં ઓવરસ્પિડિંગ અને રેસ ડ્રાઈવિંગ તથા સ્ટંટ કરનારા યુવાઓ સામે સ્પેશિયલ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે તે વધુ કડક અને વ્યાપક બનાવાશે. આ કેસને મોસ્ટ સિવિયર અને મોસ્ટ અર્જન્ટ કેસ તરીકે ટ્રીટ કરીને એક જ સપ્તાહમાં ચાર્જશીટ રજૂ કરવા તેમજ સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂંક કરીને આ કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવાની કાર્યવાહી પણ કરવામાં આવશે. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, અમદાવાદમાં થયેલી આ અકસ્માત જેવી ઘટનાઓનું પુનરાવર્તન ભવિષ્યમાં ન થાય અને સમાજમાં દાખલો બેસે તે રીતે કડક શિક્ષાત્મક પગલાં સહિતની કાર્યવાહી રાજ્ય સરકાર આ માર્ગ અકસ્માતની ઘટનામાં સંડોવાયેલા કસૂરવારો સામે કરવા સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

### લોકો મારી રહ્યા હતા તેથી પુત્રને ત્યાંથી લઈ ગયો : પ્રજ્ઞેશ પટેલ

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ શહેરમાં મોડી રાત્રે એક ભયાનક અકસ્માત થયો હતો જેમાં ૯ લોકોના મોત થયા છે જ્યારે ૧૫થી ૨૦ લોકો ઘાયલ થયા છે. આ અકસ્માત સર્જનાર યુવાનની ઓળખ તથ્ય પટેલ તરીકે થઈ હતી. પોલીસે આ ઘટનામાં ગુનો નોંધીને તપાસ શરુ કરી છે.

આ વચ્ચે નબિરાના પિતા પ્રજ્ઞેશ પટેલ અને તેના વકીલનું નિવેદન સામે આવ્યું છે. પ્રજ્ઞેશ પટેલે દીકરાનો બચાવ કરતા જણાવ્યું કે, ઘટનાની જાણ થતાં હું ઈસ્કોન બ્રિજ પર પહોંચ્યો હતો. મારા દીકરાને લોકો માર મારી રહ્યા હતા. આ સાથે તેમણે કહ્યું કે, જેગુઆર કારમાં અન્ય ૫ લોકો હતા તેમજ મારો દીકરો લોહીલુહાણ હાલતમાં હતો જેને મે હોસ્પિટલ પહોંચાડ્યો હતો. તથ્યના પિતાએ વધુમાં જણાવ્યુ હતું કે, તથ્ય તેના મિત્રો સાથે રાત્રે ૧૧ વાગ્યે કેફેમાં ગયો હતો. આ ઉપરાંત કારની માલિકી વિશે પ્રશ્ન કરતા તેમણે જણાવ્યું કે, આ કાર ભાગીદાર નામે નોંધાયેલી છે. તેમણે જણાવ્યું કે, તેની પાસે લાયસન્સ પણ છે. ઉપરાંત આ મામલે હું કોર્ટ જે કહેશે તે કરવા માટે તૈયાર છું. અકસ્માતની ઘટના અંગે તથ્ય પટેલના વકીલે કહ્યું હતું કે અકસ્માતની ઘટના અજાણતા થતી ઘટના છે. આ ઘટનાસ્થળે પહેલા ટ્રક અને થારનો અકસ્માત થયો હતો તેને હટાવવા માટે કોઈ પગલા લેવામાં આવ્યા ન હતા અને બેરિયર પણ મૂકાયા ન હતા. વકીલે વધુમાં કહ્યું હતું કે, કોઈપણ વ્યક્તિ અકસ્માત કરવાના ઈરાદે ઘરેથી નથી નીકળતું. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે કારની સ્પીડ ૧૬૦ની નહતી કે કાર ઓવરસ્પીડ પણ ન હતી. અકસ્માત જ્યા થયો હતો ત્યા લોકોનું ટોળું ભેગું થયુ હતું. અમે કાયદાનું પાલન કરીશું અને સાચું હશે સામે આવી જશે.



### તથ્યનો બાપ પ્રજ્ઞેશ પટેલ અનેક કેસનો ગુનેગાર છે

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ ઈસ્કોન બ્રિજ પાસે મોડી રાત્રે ભયાનક અકસ્માત સર્જાયો હતો. મળતી જાણકારી અનુસાર, આ અકસ્માતમાં નવ લોકોના કરુણ મોત થયા હતા. તે દરમિયાન જગુઆર કારે લોકોને કચડી નાખ્યા હતા. જગુઆર કાર ચલાવનાર કારચાલકની ઓળખ તથ્ય પટેલ તરીકે થઈ છે. નબીરા તથ્ય પટેલને બચાવવા માટે તેના પરિવારોએ નાટક શરૂ કર્યું હતું સારવાર આપવાના બહાને તથ્યને હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. તથ્યનો બાપ પ્રજ્ઞેશ પટેલ અનેક કેસનો ગુનેગાર છે. તથ્યના પરિવારજનોએ રાત્રે જ નાટક કર્યા હતા. નબીરાનો બાપ જમીન કૌભાંડનો પણ આરોપી છે. અકસ્માત સર્જનાર કારમાં બે યુવક અને એક યુવતી હતા. અકસ્માત સમયે જગુઆર કારમાં બે યુવકો અને એક યુવતી પણ હતા. જેઓને પણ ઈજા પહોચી હતી. અકસ્માત બાદ ટોળાએ જગુઆર કારને પાઠ ભણાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કેટલાક લોકો તેને બચાવીને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યારે કારમાં બેઠેલી યુવતી અચાનક ગાયબ થઈ ગઈ હતી.

# ધોરાજીમાં સતત ત્રીજા દિવસે વરસાદ વરસતા ખેડૂતોની ચિંતામાં વધારો

## રાજકોટ મધ્યમાં ૨ ઇંચ વરસાદ તો રાજકોટ પશ્ચિમમાં ૨ ઇંચ અને રાજકોટ પૂર્વમાં એક ઇંચ વરસાદ નોંધાયો



રાજકોટ, તા.૨૦

રાજકોટના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદ બાદ હવે શહેરના અનેક વિસ્તારોમાં પણ ધોધમાર વરસાદ ખાબક્યો છે. શહેરમાં વરસાદનું આગમન થતા નીચાણવાળા અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા. યુનિવર્સિટી રોડ પર ઘૂંટણ સમા પાણી ભરાઈ જતા વાહન ચાલકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. યુનિવર્સિટી રોડ વિસ્તારમાં ચારેય તરફ પાણી ભરાઈ ગયા છે. તેમજ ગોંડલ ચોકડી, આજીડેમ ચોકડી, હુડકો ચોકડી અને કોઠારીયા રોડ વિસ્તારમાં પણ મેઘ મહેર બાદ પાણી ભરાઈ ગયા છે. જો કે શહેરમાં ૪ દિવસના અસહ્ય બફારા બાદ વરસાદનું આગમન થતા લોકોને ગરમીથી રાહત મળી છે અને વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. મહત્વનુ છે કે રાજકોટ શહેરમાં એક કલાકમાં ૨ ઈંચ વરસાદ નોંધાયો છે. રાજકોટ મધ્યમાં બપોરે ૧થી ૨ વાગ્યા દરમિયાન ૨ ઈંચ વરસાદ તો રાજકોટ પશ્ચિમમાં ૨ ઈંચ અને રાજકોટ પૂર્વમાં એક ઈંચ વરસાદ નોંધાયો છે. અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હોવાની પણ ઘટના બની છે.

# લાલપુર- જામજોધપુર પંથકનો સસોઈ ડેમ ભારે વરસાદના કારણે ઓવરફલો

જામનગર, તા.૨૦

જામનગર શહેરને પીવાનુ પાણી પુરતા પાડતા મુખ્ય ડેમમાં રણજીતસાગર તથા સસોઈ ડેમ આવેલા છે. રણજીતસાગર ડેમ વરસાદના બીજા રાઉન્ડમાં ઓવરફલો થયો હતો. અને વરસાદના ત્રીજા રાઉન્ડમાં સસોઈ પણ છલોછલ થયો છે. બુધવારે લાલપુર તથા આસપાસના વિસ્તારમાં થયેલા સારા વરસાદના કારણે રસોઈ ડેમ જે ૪૦ ટકા સુધી ભરાયેલ હતો. તે એક દિવસમાં ૧૦૦ ટકા પુર્ણ ભરાયો. રાત્રીના આશરે ૧૦વાગ્યે સસોઈ ડેમ છલોછલ થયો હતો.



સસોઈ ડેમમાંથી જામનગર શહેર તથા આસપાસના અનેક ગામને પીવા માટે તથા સિંચાઈ માટે પાણી મળતુ રહે છે. સસોઈ સિંચાઈ યોજના જામનગર તાલુકાના ખારા બેરાજા, દોઢીયા, જીવાપર, ગાડુકા, બાલંભડી, આમરા, વસઈ, સરમત, લાખાબાવળ, નાઘેડી ગામનો સમાવેશ થાય છે. તેમજ લાલપુર તાલુકાના પીપળી, ડેરાછીકારી, નવાગામનો સમાવેશ થાય છે.

જેમાં કુલ જામનગર તાલુકાના ૧૦ અને લાલપુર તાલુકાના ૩ મળીને ૧૩ ગામોને તેમજ મહાનગર જામનગર અને બે ખાનગી કંપનીને પીવાનુ પાણી આપે છે. આ ઉપરાંત ૧૩ જેટલા ગામનો કેનાલ મારફતે સિંચાઈ માટે સસોઈ ડેમ આર્શીવાદરૂપ છે. હાલ ડેમ ૨ ફુટની સપાટીએ ઓવરફલો થયો છે.

# ઈસ્કોન બ્રિજ ઉપર ચાર કાર અથડાઈ, કોઈને ઈજા નથી થઈ

## ઘટનાની જાણ થતા જ ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી બ્રિજ પર અકસ્માતની ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો

અમદાવાદ, તા.૨૦

શહેરના ઈસ્કોન બ્રિજ પર મોડી રાત્રે થયેલા અકસ્માતમાં ૯ લોકોના મોત થયા છે. અકસ્માતની ઘટનાથી સૌ કોઈ હચમચી ગયું છે. ત્યારે બ્રિજ પર અકસ્માતમાં ૯ લોકોએ જીવ ગુમાવ્યો ત્યાં ફરી ગણતરીના કલાકોમાં વધુ એક અકસ્માતની ઘટના બની છે. ઈસ્કોન બ્રિજ પર આજે સવારે ફરીથી અકસ્માત સર્જાયો હતો અને એક પછી એક એમ ચાર જેટલી કાર અથડાઈ હતી. જોકે અકસ્માતની આ ઘટનામાં સદનસીબે કોઈને ગંભીર ઈજાઓ પહોંચી નહોતી.

તમામ ચાલકોને આબાદ બચાવ થયો હતો. ઘટનાની જાણ થતા જ ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી. બ્રિજ પર અકસ્માતની ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં એક સાથે લાઈનમાં ચાર કાર વચ્ચે ટક્કર બાદ નુકસાન થયેલું જોવા મળી રહ્યું છે. જ્યારે કારની બાજુમાં લોકો ઊભેલા દેખાય છે. અકસ્માતનો આ વીડિયો પણ ઈસ્કોન બ્રિજનો જ હોવાનું કહેવાઈ રહ્યું છે. ગત મોડી રાત્રે એક થાર ગાડી ડમ્પર પાછળ ઘુસી ગઈ હતી. આ ઘટનામાં કોઈ જાનહાની થઈ હોવાની કોઈ વિગતો નથી. પરંતુ આ અકસ્માત જોવા માટે ઉભા રહેલા ટોળાને ફૂલ સ્પીડે આવી રહેલી એક જગુઆર કારે અડફેટે લીધું હતું. જેમાં ૯ લોકોના મોત થયાં છે અને સંખ્યાબંધ લોકો ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે ખસેડાયાં છે. હવે આ બ્રિજ પર ફરીવાર એક અકસ્માતની ઘટના સામે આવી છે.

### વિજકડાકા સાથે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવસના અંતે માંડ વરસાદી છાંટણા પડયા હતા. છેલ્લા ઘણાં સમયથી વરસાદની ગેરહાજરી વચ્ચે એકબાજુ સતત ઉકળાટ વધી રહ્યો છે. ત્યારે ગરમીથી ત્રસ્ત નગરજનો ધોધમાર વરસાદની વાટ જોઈ રહ્યા છે. ગઈકાલે દિવસના વાદળિયા વાતાવરણના અંતે મોડી રાત્રે અચાનક જ ગાજવીજ સાથે વરસાદનુ આગમન થયુ હતુ વિજકડાકા અને વાદળગર્જના વચ્ચે વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદ વરસતા શહેરના સેકટરોમાં ઠેર ઠેર પાણીનો ભરાવો થયો હતો. સેકટરોના આંતરિક માર્ગો તેમજ મુખ્યમાર્ગો પર નિચાણના ભાગમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. સેકટરોના રીંગ રોડ તેમજ કોમન પ્લોટમાં પાણી ભરાઈ ગયા હતા. શહેરના મુખ્યમાર્ગો પર ઘ- દોઢ પાસે સંગીત સર્કલ પાસે પણ વરસાદી પાણીનો ભરાવો થયો હતો. જયારે સે-૩ :૬ ની ચોકડી પાસે પણ વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. ગાંધીનગર આસપાસના વિસ્તારમાં પણ ભારે વરસાદના લીધે જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. શહેરમાં વરસાદી મોસમ નિખરતા સેકટરોમાં ઠેર ઠેર સમસ્યાઓનો પણ ઢગ ખડકાયો છે. વિવિધ કામગીરીના લીધે અનેક ઠેકાણે ખોદકામ કરી દેવામાં આવ્યા બાદ યોગ્ય પુરાણના અભાવે વરસાદી સંજોગોમાં મોટા ખાડા અસ્તિત્વમાં આવ્યા છે. સેકટરોમાં પણ ઘણાં ઠેકાણે સ્ટોર્મ વોટર લાઈનના લીધે માર્ગ વચાળે થયેલા ખોદકામ બાદ પુરાણ બેસી જતા મોટા ખાડા જોવા મળી રહ્યા છે. માટી પોલાણના લીધે સેકટરવાસીઓ પરેશાન છે. જયારે સેકટરોમાં સફાઈના અભાવે પણ ગંદકીના ઢગ ખડકાયા છે. વરસાદી ભીંજારાની મોસમમાં સેકટરોના આંતરિક માર્ગોની દશા અત્યંત ખરાબ છે જેના લીધે ઉબડ ખાબડ માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવતા તેમાં પણ પાણીનો ભરાવો થતો જોવા મળે છે. શહેરમાં વરસાદી વિરામ બાદ ગત મોડી રાત્રે મેઘરાજા મહેરબાન થયા હતા પરંતુ વરસાદી રાત બાદ સવારે સેકટરોમાં ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાયેલા જોવા મળ્યા હતા. મોટાભાગના ઠેકાણે વરસાદી પાણી ઓસરી ગયા હતા પરંતુ કાદવ કિચ્ચડ વચ્ચે સેકટરોમાં અનેક ઠેકાણે વરસાદી દુવિધાઓ ઉભરતી નજરે પડી હતી. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૪૧૭ મી મી વરસાદ વરસ્યો છે. ગઈકાલે રાત્રિના સમયે ૪૦ મી મી વરસાદ નોંધાયો હતો અલબત્ત દોઢ ઈંચ વરસાદથી મોડી રાત્રે સેકટરો વરસાદી પાણીમાં ધમરોળાયા હતા. વરસાદના અંતે આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૩.૨ ડીગ્રી નોંધાયુ છે. જયારે લઘુત્તમ તાપમાન પણ એક ડીગ્રી ગગડયુ છે. લઘુત્તમ તાપમાન ૨૫ ડીગ્રી રહ્યુ હતુ. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૫૦ ટકાથી વધુ વરસાદ થઈ ગયો છે. આજે પણ દિવસ દરમિયાન સવારે થોડા સમય માટે વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ જો કે દિવસે ઉઘાડ નિકળતા તડકા વચ્ચે નગરજનોએ ઉકળાટ અનુભવ્યો હતો. દિવસ દરમિયાન વરસાદે હાજરી પુરાવી ન હતી. વરસાદી મોસમના ભીંજારા વચ્ચે જનજીવન પ્રભાવિત છે. નગરજનો વરસાદી સમસ્યાથી પણ પરેશાન છે. શહેરમાં હજુ આગામી દિવસોમાં ભારે વરસાદ થવાની સંભાવના પણ હવામાન નિષ્ણાંતોએ વ્યકત કરી છે.

### ટાઉનહોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગયુ હોવાનુ સુત્રો જણાવી રહ્યા છે. ટાઉનહોલની બેઠક વ્યવસ્થા વધુ આરામદાયક બનાવવા સહીત લીફટ, સ્ટેજ ઈલેકટ્રીફીકેશન, સાઉન્ડ સિસ્ટમ, ચિલર પ્લાન્ટ તેમજ કલાકારો માટે ગ્રીનરૂમ, ટોઈલેટ બ્લોક અને સંકુલમાં લેન્ડ સ્કેપીંગ સહીતની કામગીરીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જોખમી બનેલા ટાઉનહોલને કોરોનાકાળ પુર્વે જ બંધ કરી દેવાયો હતો જયારે હવે ટાઉનહોલ આગામી એકાદ મહીનામાં તૈયાર થઈ જશે તેમ પણ જણાવામાં આવી રહ્યુ છે. ટાઉનહોલના રીનોવેશનને અનુલક્ષી હજુ થોડુ સિવિલ કામ બાકી છે. જયારે ઈલેક્ટ્રીફિકેશનની વાત કરીએ તો અદ્યતન સાઉન્ડ સિસ્ટમ, સ્ટેજ, વાયરીંગ, ચિલર પ્લાન્ટનુ કામ પુર્ણ થઈ ગયુ છે. અલબત્ત ઈલેકટ્રીફીકેશને અનુલક્ષી ૯૦ ટકા કામગીરી પુર્ણ થઈ ગઈ છે. જયારે એક લીફટનુ કામ પુર્ણ થઈ ગયુ છે. જયારે અન્ય એક લીફટનુ કામ બાકી છે. આ ઉપરાંત ટોરેન્ટ પાવરનુ જોડાણ આપવાની કામગીરી પણ બાકી છે. ગાંધીનગરનો ટાઉનહોલ લાંબા સમયથી રીનોવેશન હેઠળ છે ત્યારે હવે કલાકારો અને કલાસંસ્થાઓની પણ ધીરજ ખુટી છે ત્યારે બાકી કામ ઝડપથી પુર્ણ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની છે.

### વિનાશ વેર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગિયોડ, જાખોરા આસપાસના ગામોમાં ભારે વરસાદ થતાં ક્યાંક કેડ સમાણા તો ક્યાંક માથા સુધીના પાણી ભરાતા ગામો જાણે બેટ જેવા બની ગયા હતા. ધણપ ગામમાં એટલુ પાણી ભરાઈ જવા પામ્યુ હતુ કે અવર-જવર માટે ટ્રેક્ટરનો ઉપયોગ કરવો પડ્યો હતો. ચિલોડા ગામના પ્રવેશદ્વાર પાસે પાણીનો ધસમસતો પ્રવાહ જોવા લોકો ઉમટી પડ્યા હતા.

ગાંધીનગરની પૂર્વ પટ્ટીમાં વરસાદે જે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ તેને લઈ આજે આખો દિવસ તંત્ર સતત આ વિસ્તારમાં દોડતુ રહ્યુ હતુ. પંચાયત, મહેસુલી તેમજ અન્ય તંત્રોએ સંકલનમાં રહી અને પાણીના નિકાલને અગ્રતા આપી હતી.

મળેલા અહેવાલો મુજબ બપોર પછી પાણીના નિકાલની કામગીરીમાં તંત્રને સફળતા મળી છે અને ઝડપથી આ નિકાલ ચાલી રહ્યો છે. વરસાદે આજે દિવસ દરમ્યાન લીધેલા વિરામ પછી રાત્રે પડે તો સ્થિતિ બગડી શકે તેવા સંકેતો છે. ખેતરોમાં પાણી ભરાઈ રહેવા પામ્યા હતા. આથી ખેતરોના પાકને પણ ભારે નુકશાનીનો ભય ઉભો થવા પામ્યો છે. પાણી ઓસર્યા પછી જ નુકશાનીનો સાચો અંદાજ આવી શકશે તેમ મનાઈ રહ્યુ છે.

કપાસ, શાકભાજીના પાકો, બાજરી તેમજ દિવેલાનું વાવેતર કર્યુ હશે તો તેને પણ સારૂ એવુ નુકશાન થવાનો ભય છે. આજે મોડી સાંજ સુધી તંત્રના અધિકારીઓ પાણીના નિકાલની કામગીરીનું સતત મોનીટરીંગ કરતા જણાયા હતા. જિલ્લા કલેક્ટરે પણ દર કલાકે સ્થિતિનો અધિકારીઓ પાસે રિપોર્ટ માંગ્યો હોવાનું જાણવા મળેલ છે.

### મુંઝારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ સતત ૮૦ થી ૯૫ ટકા જોવા મળે છે. જયારે અત્યાર સુધી શહેરમાં સિઝનનો ૫૦ ટકાથી વધુ વરસાદ થઈ ગયો છે. આમછતા ઉકળાટનુ પ્રમાણ ઓછુ થતુ નથી વરસાદી મોસમના વિચિત્ર અહેસાસથી જનજીવન પ્રભાવિત છે. આકરા ઉકળાટથી નગરજનો ગુંગળામણ અનુભવી રહ્યા છે.

દિવસ દરમિયાન થતા બફારાથી બાળકો અને વૃધ્ધો પણ વિશેષ પ્રભાવિત છે. ઉનાળા કરતા પણ આકરી ગરમી અનુભવતા હોવાનો અહેસાસ કરતા નગરજનો વરસાદી બફારાથી બેચેન બન્યા છે. વરસાદી વાદળોની હાજરી વચ્ચે બાફનુ પ્રમાણ સતત વધુ રહેતા પરેસેવે નિતરતા સેકટરવાસીઓ મુંઝવણ અનુભવી રહ્યા છે.

### ધરપકડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કારચાલક સહિત તેના મિત્રોને પૂછપરછ માટે બોલાવ્યા છે. હાલ આ તમામનો મેડિકલ ટેસ્ટ કરવામાં આવશે. તમામ યુવક-યુવતીઓએ નશો કર્યો હતો કે નહીં તે મામલે પણ તપાસ કરવામાં આવશે અને ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### આક્રમક

● અનુસંધાન પહેલાનું ચાલુ

નારાજ છે, આ દરમિયાન મુખ્યમંત્રીનું રાજીનામું પણ માંગવામાં આવી શકે છે. આ સિવાય સીએમ બિરેન સિંહે પણ આ ઘટનાની સખત નિંદા કરી છે અને આશ્વાસન આપ્યું છે કે આ મામલામાં સામેલ લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# માઉન્ટ આબુમાં વરસાદ-વાદળ-ઝરણા સાથે આહલાદાયક માહોલ સર્જાયો



માઉન્ટ આબુ તાઃ૨૦

ઋષિઓની ભૂમિ આબુ આજકાલ પ્રકૃતિના સૌંદર્યથી ખીલી ઉઠેલ છે.દૂર દૂર થી સહેલાણીઓ મોટી સંખ્યામાં અહીં નિયમિત આવી રહેલ છે અને કુદરતના ખોળે પોતાને દુનિયાના દુઃખ દર્દોથી પાર, પરમાત્મ રચનાની ગોદમાં, આનંદ શાંતિનો અનુભવ કરી રહેલ છે.

આ વર્ષે વાવાઝોડાને કારણે ચોમાસું વહેલુ આવતા અહીં ભારે વરસાદ થવાથી અહીંના બંને ડેમ તથા નકી લેક પહેલેથી ઉભરાઈ ગયેલ અને પર્વત પર હરિયાળી છવાઈ ગયેલ તથા આજ સુધી સતત વરસાદ ચાલુ હોવાથી અહીં રોડ પર વાદળો આવતા રહે છે અને અનેક જગ્યાએ પર્વતો પરથી પાણીના ઝરણાઓ ચાલુ જ રહે છે. જેને રસ્તામાં પોતાનું વાહન રોકી સહલાણીઓ પરિવાર સાથે ઝરણામાં નાહવાનું ચૂકતા નથી વરસાદી ઋતુમાં ઠંડક-વાદળ-ઝરણા -હરિયાળી-પાણીના ખળખળ અવાજ વચ્ચે અહીં દરરોજ પર્યટકોનો ભારે ઘસારો ચાલુ જ રહે છે. જેમાં ગુજરાતના પર્યટકો માઉન્ટ આબુ પર શનિ રવિ આવી જાણે ભરપૂર થઈ જાય છે અને દુનિયાના દુઃખ-દર્દો-તનાવ ને દૂર કરવા બ્રહ્મા કુમારીઝના ઓમશાંતિ ભવનમાં, પીસપાર્કના અધ્યાત્મક પ્રદર્શનમાં, ગુરુ શિખર પર તથા નકી લેક કિનારે જાણે પરમાત્મા રચનાના ખોળે પર્યટકો પોતાને આનંદિત અનુભવ કરી રહેલ છે.